**ગુજરાત સરકાર**

તાત્કાલિક

ક્રમાંક:-મસક/૧૦૨૦૧૯/GOI-14/ફ
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા.૯/૧૨/૨૦૧૯

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
સચિવાલયના સર્વે વિભાગો,
સચિવાલય, ગાંધીનગર.

વિષય:- સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર દળોમાં ફરજો બજાવતા તેમજ સેવા નિવૃત થયેલ સૈનિકોના પરિવારોના સરકારી કામકાજનું તત્કાલ નિરાકરણ લાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, પોતાના પરિવારથી હજારો કિલોમીટર દુર જોખમભર્યા વિસ્તારો, ખરાબ હવામાન, વિષમ અને કસોટીપૂર્ણ પરિસ્થિતમાં પોતાની જાનની પરવાહ કર્યા વગર દેશની સેવા અને સુરક્ષમાં હમેશા તત્પર રહેતા સશસ્ત્ર દળો જેવા કે ભુમિદળ, નૌસેના, વાયુસેનામાં અને કેન્દ્રીય સશસ્ત્ર દળો જેવા કે બી.એસ.એફ., આઇ.ટી.બી.પી. અને સી.આર.પી.એફ.માં ફરજો બજાવતા તેમજ સેવા નિવૃત થયેલ સૈનિકોના પરિવારોને સરકારી કામકાજ માટે જ્યારે કોઇપણ સરકારના વિભાગો/ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓનો સંપર્ક કરે અથવા રજુઆત કરે તે સમયે સંપૂર્ણ સહકાર તેમજ સહાનુભુતિ દર્શાવવા વિનંતી છે. જેથી, સૈનિકો તેઓની ઘરેલુ સમસ્યાઓથી નિશ્ચિત થઇને બુલંદ હોસલા સાથે દેશની સેવામાં તત્પર રહે. આ અંગે નીચેની બાબતો ખાસ ધ્યાને રાખવી.

(૧) સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર દળોમાં ફરજો બજાવતા તેમજ સેવા નિવૃત થયેલ સૈનિકોના પરિવારોને સરકારી કામકાજ માટે સરકારી કચેરીઓમાં જાય ત્યારે તેઓ સાથે સ્નેહપૂર્વક અને સમ્માનપૂર્વક વ્યવહાર કરવું.

(૨) તેઓની રજુઆત/અરજીઓનો સત્વરે નિકાલ કરવો.

આથી, આપના વિભાગને તેમજ આપના હસ્તકના તમામ ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓને આ બાબતમાં યોગ્ય સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વિજય બધેકા)
ઉપ સચિવ (કા.વ્ય.૨)
ગૃહ વિભાગ

નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ રવના:-
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ
- આઈટી શાખા, ગૃહ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.